

sahjeevan
175-Jalaram Society, B/h. Vishwamangal Appt.
Vijay Nagar, Bhuj 370001 Kutch INDIA
Phone (02832) 251814, Fax (02832) 251914
Email : sahjeevan@gmail.com

# ઊંટ માલધારીઓ માછીમારી સમુદાયો અને નાના અગરીયાઓ

## માટે કુદરતી સંસાધનોની જાળવણી તેમજ વ્યવસ્થાપનનો પ્રાથમિક અહેવાલ



કચ્છ ઊંટ ઉછેરક માલધારી સંગઠન

રજૂઆત અને અભ્યાસકર્તાઃ

sahjeevan

સહજીવન
૧૭૫, જલારામ સોસાયટી, ભુજ- કચ્છ

રજૂઆત માટેઃ

કચ્છ ઊંટ ઉછેરક માલધારી સંગઠન, કચ્છ


નાણાકીય સહયોગઃ

icco COOPERATION



અભ્યાસકર્તા ટીમઃ
ડૉ.પંકજ એન. જોષી, ઇકોલોજીસ્ટ, સહજીવન, ભુજ
મહેન્દ્ર બી. ભાનાણી, સામાજીક કાર્યકર, સહજીવન, ભુજ
યશ બારડ, જી.આઇ.એસ., કે-લીન્ક, ભુજ
મૂળજીભાઇ સોલંકી, સામાજીક કાર્યકર, સેતુ માહિતી કેન્દ્ર,સામખીયાળી
મેઘીબેન શામળીયા, સામાજીક કાર્યકર, એકલનારી શકિત મંચ




# અનુક્રમણિકા


**૧. પ્રસ્તાવના** ૨

**૨. અભ્યાસના વિસ્તાર** ૬

**૩. અભ્યાસના ઉદ્દેશ્યો** ૭

**૪. પધ્ધતિ** ૮

૪.૧ દ્વિતીય માહિતીનું એકત્રીકરણ

૪.૨ સહભાગીતા દ્ધારા નકશાઓની બનાવટ

૪.૩ વૈજ્ઞાનિક નકશાઓની બનાવટ

**૫. પ્રાથમિક માહિતીઓ અને તથ્યો** ૧૦

૫.૧ ઊંટ માલધારીઓ અને સંશાધનો

૫.૨ માછીમારી સમુદાયો અને સંશાધનો

૫.૩ નાના અગરીયાઓ

**૬. સંશોધનાત્મક ટીપ્પણી** ૧૬

૬.૧ કુદરતી સંશાધનોની મોજણી અને નકશાઓ ઉપર સમજ

૬.૨ ભલામણો

**૭. જુદા-જુદા પરિશિષ્ટ** ૧૮

**૮. સંદર્ભ સૂચી** ૨૦

## પ્રસ્તાવના

કચ્છ ઊંટ ઉછેરક માલધારી સંગઠને દૈનિક કચ્છમિત્રમાં તા.૦૮/૦૩/૨૦૧૩ના રોજ જાહેર વિજ્ઞપ્તિ આવેલ જે માટે સહજીવન સંસ્થાને કુદરતી સંસાધનોની સહભાગી વ્યવસ્થાપન માટે દસ્તાવેજીકરણની વિનંતી કરવામાં આવી (પરિશિષ્ટ ૨). જેમાં ઊંટ ઉછેરકો, માછીમારી અને નાના અગરિયા સમુદાયની આજીવિકાની જાળવણી માટે જંગી, આબલીયારા, વાઢિયા, વોંધ અને ભચાઉ ગામની આસપાસના વિસ્તારનું વૈજ્ઞાનિક ઢબે મોજણીનું કામ હાથ ધરવામાં આવ્યું. જે અનુસંધાને તત્કાલીન ધોરણે સહજીવન સંસ્થા દ્વારા નીચે પ્રમાણેની ટીપ્પણી પણ કરવામાં આવી. (પરિશિષ્ટ ૩)

- ગુજરાત ઇકોલોજી કમીશન, ગાંધીનગર (ગુજરાત સરકાર) ના એક સંશોધન નામે- મેન્ગ્રુવ (ચેરીયા) એટલાસ ઓફ ગુજરાત સ્ટેટ (વર્ષ.૨૦૦૮-૦૯-૧૦) માં જણાવ્યા અનુસાર (પેજ નં.૪૯) હાડકીયા ખાડી અને અન્ય ખાડી વિસ્તાર ચેરીયાઓ માટે ખુબજ અનુકૂળ છે. જયાં ભવિષ્યમાં ચેરિયા થવાની પૂરેપૂરી સંભાવના રહેલી છે. જે રિપોર્ટમાં દર્શાવ્યા પ્રમાણે આશરે ચેરિયાનો કુલ વિસ્તાર ૧૦૪ ચો.કિમી જેટલો તાલુકાવાર થાય છે.

- જુદી જુદી સંસ્થાઓ દ્વારા થયેલ સંશોધનો અનુસંધાને હાડકીયા ખાડીની આજુબાજુનો વિસ્તાર માછીમારી અને ઝીંગા માટે ખૂબ જ અનુકૂળ છે. કચ્છના અખાતમાંથી મળતી ઝીંગાની ૨૭ જાતોમાંથી ૯ જાતો, આ વિસ્તારમાંથી નોંધાયેલી છે. જેમાં ઝીંગાની મેટાપીનીયસ કચ્છેન્સીસ જાતિ સ્થાનિક છે કે જે માત્ર ને માત્ર કચ્છના હાડકીયા ખાડીમાં જ સારી સંખ્યામાં જોવા મળે છે.. આ ઉપરાંત, યાયાવર પક્ષીઓની જાતો, જેવી કે નાનાં અને મોટાં સૂરખાબ, બગલાઓ, બતકોની જાતો પણ સારી એવી સંખ્યામાં આ ખાડીમાંથી નોંધાયેલી છે.

- સહજીવન અને કચ્છ ઊંટ ઉછેરક માલધારી સંગઠનના ઉપક્રમે થઇ રહેલ કુદરતી સંસાધનોની મોજણી અનુસંધાને જંગી ગામની સાથે સાથે અન્ય ગામોના ચેરીયાના ચરિયાણ ક્ષેત્રની મુલાકાત તા.૨૩/૩/૨૦૧૩ લેતાં ખુબ જ ગીચ વિસ્તારમાં ચેરીયાઓ નોધાયેલા છે. જે ખૂબ જ તંદુરસ્ત અને એક સરખી રીતે ખાડી વિસ્તાર અને અન્ય વિસ્તારમાં ફેલાયેલા છે. (પ્લેટ નંબર-૧)





જંગી ગામની સાથે સાથે અન્ય ગામોના ચેરીયાના ચરિયાણ ક્ષેત્રની મુલાકાત



પ્લેટ નંબર-૧ : જુથ ચર્ચા દ્વારા સંસાધનોની મોજણી


આ જ પત્રમાં એવુ પણ જણાવવામાં આવ્યુ કે- દિવસ ૧૫માં ઉપરોકત ગામના જુદાજુદા આજીવિકા સંલગ્ન સમુદાયો સાથે અભ્યાસ સ્થળની મુલાકાત કરીને આ વિસ્તારનો સંશોધનાત્મક કુદરતી સંશાધનોનો અહેવાલ રજુ કરવામાં આવશે. જે અનુસંધાને આ અહેવાલ સહજીવન સંસ્થા દ્વારા તા.૨૫/૦૩/૨૦૧૩ (અભ્યાસ સ્થળની મુલાકાત) અને તા.૧૯/૪/૧૩ ના સંશાધનોની મોજણી, જુથ ચર્ચા કરીને (પ્લેટ નંબર-૧) આ સાથે એક રીપોર્ટ સ્વરૂપે રજૂ કરવામાં આવે છે. જૂથચર્ચામાં ભાગ લીધેલ સમુદાયોની માહિતી નીચે મુજબ છે.



## અભ્યાસનો વિસ્તાર

દૈનિક કચ્છમિત્રમાં તા.૦૮/૦૩/૨૦૧૩ ના રોજ વિજ્ઞપ્તિ આપીને મદદનીશ મત્સ્યોધોગ વિભાગ ભુજ –કચ્છ ની કચેરી દ્વારા વાધા અરજી મગાવવામાં આવી. જે માટે સહજીવન સંસ્થાને આગળ જણાવ્યા પ્રમાણે તા.૧૫/૩/૧૩ ના ઊંટ ઉછેરક માલધારી સંગઠન દ્વારા ઊંડાણથી સંશોધનાત્મક અહેવાલ બનાવવા માટે (અભ્યાસ વિસ્તાર અ.નં.ક્રમ નં.૪ થી અ.નં. ૮ સુધીના ગામોની) ની રજૂઆત કરેલી.



### જાહેર વિજ્ઞપ્તિ

મીઠા ઉદ્યોગ કરવા માટે અરજદારો દ્વારા નીચે મુજબના ગામ / સર્વે નંબરમાં જમીનની માગણી માટે કલેક્ટરશ્રીને અરજી કરેલ છે. આ વિસ્તારમાં આવેલ કોઇ સ્થાનિક માછીમાર કે મત્સ્યોધોગ સહકારી મંડળીએ સંબંધિત જમીનની માગણી કરેલ હોય અથવા આ બાબતે કોઇ વાંધો હોય તો સચોટ આધારો / માહિતી સાથે મદદનીશ મત્સ્યોધોગ નિયામકશ્રીની કચેરી, કેમ્પ એરિયા, ટીબી હોસ્પિટલ સામે, મુ. ભુજ-કચ્છ કચેરીએ દિન-૧૫માં લેખિતમાં રજૂઆત કરવાની રહેશે.

| ક્રમ | ગામનું નામ | સર્વે નંબર | માગણીનો વિસ્તાર |
|---|---|---|---|
| ૧ | જખૌ, તા. અબડાસા | દરિયાઇ વિસ્તાર પૈકી અનસર્વે નંબર | ૨૮૦ એકર |
| ૨ | ગુનેરી, તા. લખપત | સર્વે નંબર નીલ | ૩૦૦ એકર |
| ૩ | ગુનેરી, તા. લખપત | અનસર્વે નંબર | ૨૮૦૦૦ એકર |
| ૪ | ભચાઉ, તા. ભચાઉ | સર્વે નં. ૨૦૦૦ પૈકી | ૧૧૦ એકર |
| ૫ | વોંધ, તા. ભચાઉ | સર્વે નં. ૧૪૨૧/૧ | ૧૧૦ એકર |
| ૬ | વોંધ, તા. ભચાઉ | સર્વે નં. ૧૪૨૧/૧ | ૧૧૦ એકર |
| ૭ | લાખાપર, તા. ભચાઉ | સર્વે નં. ૯૬ | ૧૦૦ એકર |
| ૮ | જંગી, તા. ભચાઉ | અનસર્વે નંબર | ૮૦૫૦ એકર |

સહી
મદદનીશ મત્સ્યોધોગ નિયામક
ભુજ-કચ્છ

(નામાનિ-કચ્છ-૧૭૫-૨૦૧૩)




## અભ્યાસના ઉદેશ્યો

સહજીવન સંસ્થામાં તા.૨૬/૦૩/૨૦૧૩ના રોજ કચ્છ ઊંટ ઉછેરક માલધારી સંગઠનની રજુઆતને ધ્યાને લઇ એક મિટિંગનું આયોજન કરીને અભ્યાસના મુખ્ય ઉદેશ્યો નીચે મુજબ નકકી કરવામાં આવ્યા.

- અભ્યાસનો વિસ્તાર જંગી, આબલીયારા, વોંધ, સામખીયાળી અને ચેરાવાડી ગામોમાં આવેલા આજીવિકા સંલગ્ન સમુદાયો અને અહીની કુદરતી સંસાધનોની માહિતીનું એકત્રીકરણ કરવુ (પ્લેટ નંબર-૨)
- જુદા-જુદા આજીવિકા સંલગ્ન સમુદાયોની કુદરતી સંસાધનો ઉપર આધારિતતાની નકશાઓ પર મોજણી અને અભ્યાસ સ્થળની મુલાકાત લેવી.
- મીઠા ઉદ્યોગોની માંગણીને ધ્યાને લઇને તટસ્થ અને ન્યાયીક કુદરતી પરિસરતંત્રોની સાચવણી અને આજીવિકાને ટકાઉ બનાવવા માટેની ભલામણો કરવી.

પ્લેટ નંબર-૨




*સ્ત્રોત: જી.ઈ.સી. (વર્ષ.૨૦૦૮-૦૯-૧૦) મૈન્યુવ એટલાસ ઓફ ગુજરાત સ્ટેટ. ગાંધીનગર (ગુજરાત સરકાર)*

# પધ્ધતિઓ

## ૪.૧ દ્વિતીય માહિતીનું એકત્રીકરણ

ઉપરોકત મુખ્ય ઉદ્દેશ્યોને ધ્યાનમાં લઇને જુદા-જુદા સરકારી દસ્તાવેજો, અહેવાલો અને અભ્યાસ વિસ્તારના સમુદાયોને સંલગ્ન દ્વિતિય માહિતીનું એકત્રીકરણ કરવામાં આવ્યું હતું. જેમકે, ગુજરાત ઇકોલોજી કમીશન, ગાંધીનગર (ગુજરાત સરકાર)ના એક સંશોધન અહેવાલ નામે- મેન્ગ્રુવ (ચેરીયા) એટલાસ ઓફ ગુજરાત સ્ટેટ (વર્ષ ૨૦૦૮-૦૯-૧૦)માં જણાવ્યા અનુસાર (પેજ નં.૪૯) આ વિસ્તારના ચેરીયા સંલગ્ન માહિતીનું પુથ્થકરણ કરવામાં આવ્યુ. ભુજ ખાતે મદદનીશ મત્સ્યોધોગની કચેરીમાંથી અભ્યાસ વિસ્તારના માછીમારોની અને મત્સ્ય ઉત્પાદનની માહિતી એકઠી કરવામાં આવી. પશુપાલન વિભાગ, ભુજ-કચ્છ અને સહજીવન સંસ્થા દ્વારા પ્રસિદ્ધ થયેલા અહેવાલમાંથી અભ્યાસ વિસ્તારના ખારાઇ ઊંટ ઓલાદ ઉછેરક માલધારીઓની માહિતીનું એકત્રીકરણં કરવામાં આવ્યું. વધુમાં, આ અભ્યાસ વિસ્તારના અગરીયાઓની માહિતી સેતુ માહિતી કેન્દ્ર, સામખીયાળી દ્વારા પૂરી પાડવામાં આવી. નાના અગરીયા સમુદાય સાથે બેસીને તેઓએ કરેલી પોતાની આજીવિકા સંલગ્ન અરજીઓની માહિતી, સર્વેનંબરની માહિતી અને માંગણી વિસ્તાર (સર્વ નં.)ની પણ માહિતી મેળવવામાં આવી.

## ૪.૨ સહભાગીતા દ્વારા નકશાઓની બનાવટ

અભ્યાસ વિસ્તારને ધ્યાનમાં લઇને કુદરતી સંસાધનોની વહેચણી અને તેની ઉપર આજીવિકા સંલગ્ન આધારિતતાની માહિતીનું એકત્રીકરણ કરવા માટે ગુગલ નકશાની મદદ લેવામાં આવી. વધુમાં, જુથચર્ચા દ્વારા નકશાઓની બનાવટ પણ કરવામાં આવી. જે નકશાઓમાં સ્થાનિક સમુદાયની મદદ દ્વારા મીઠા ઉધોગ દ્વારા માગણી કરાયેલ વિસ્તાર અને આસપાસના પરિસરતંત્રની પણ માહિતી એકઠી કરવામાં આવી. (પ્લેટ નંબર-૧)

## ૪.૩ વૈજ્ઞાનિક નકશાઓની બનાવટ

ઉપર જણાવ્યા મુજબ સહભાગી જૂથચર્ચા દ્વારા બનાવેલ જુદાજુદા નકશાઓનું કોમ્પ્યુટરાઇઝેશન દ્વારા જીઓ રેફરન્શ કરીને (અક્ષાંશ અને રેખાશવૃત) બનાવીને મીઠાના ઉદ્યોગો દ્વારા માંગણી કરાયેલાં જુદા-જુદા ગામોના સર્વે નંબર સહીતના વિસ્તારની માહિતી એક અલગ નકશામાં દર્શાવવાની કામગીરી કરવામાં આવી. આ ઉપરાંત ગુજરાત ઇકોલોજી કમિશન, ગાંધીનગરના અહેવાલમાં દર્શાવેલા (પેજનં. ૪૯) નકશાનો ઉપયોગ મેળવેલી પ્રાથમિક માહિતીને વધુ વૈજ્ઞાનિક ઢબે રજૂ કરવા માટે કરવામાં આવ્યો.






# પ્રાથમિક માહિતીઓ અને તથ્યો

## ૫.૧ ઊંટ ઉછેરકો અને સંસાધનો

અભ્યાસ વિસ્તારમાં આવતા ચરિયાણના સ્થાનિક નામો અને ચરિયાણના પ્રકારની માહિતી મેળવતા માલૂમ પડેલ છે કે ચરિયાણ વિસ્તાર પર નિર્ભર ઊંટની કુલ સંખ્યા ૬૪૩ છે. મુખ્ય ચરિયાણ એવા ચેરીયાની પરિસ્થિતિનો અહેવાલ પણ ઊંડાણથી ચર્ચા કરવામાં આવ્યો. સમુદાયો દ્વારા ઋતુ પ્રમાણે જુદી જુદી ખાડીઓ અને મુખ્ય હાડકીયા ખાડી આધારિત અને એ વિસ્તારના સ્થાનિક નામોની માહિતી મેળવવામાં આવી. ( નકશા નંબર-૧ અને ૨ )

સમુદાયો દ્વારા કુલ ૪૩ જુદા-જુદા ચરિયાણના, ખાડીવિસ્તારના અને ગામ સીમના નામો નકશાઓ ઉપર દર્શાવવામાં આવ્યા. જેમાં, ગીચ ચેરીયાવાળા વિસ્તારોમાં છાણ વિસ્તાર, મુઢિયચા વિસ્તાર, મોટો કોછો, જીનવારો, ધંબ્રો અને લાસારો વિસ્તારનું નામ સૌ દ્વારા સુચવવામાં આવ્યું. જેમાંથી છાણવાળો વિસ્તાર સમુદાયના દર્શાવ્યા પ્રમાણે મોટા મીઠા ઉધોગો દ્વારા માંગણી કરાયેલ છે. આ ઉપરાંત, ગુજરાત ઇકોલોજી કમિશનના સંશોધન અહેવાલ- મેન્ગ્રુવ ( ચેરીયા ) એટલાસ ઓફ ગુજરાત સ્ટેટ ( વર્ષ ૨૦૦૮-૦૯-૧૦ ) ( પેજ નં.૪૯ ), માં જણાવ્યા અનુસાર ચેરીયા વિસ્તાર જેમાં છુટા-છવાયા ચેરીયા ( એવીસીનીયા મરાઇના ) આવેલા છે. જેવા કે, કારોઢોરો, છાણ વિસ્તાર, ગટરીયો વિસ્તાર, લાણાવાળો વિસ્તાર, છગનવારી ખાડી, તમી વિસ્તાર, કડેવારો, છાણઢોરો વિસ્તાર વગેરેમાં પણ મોટા મીઠા ઉધોગો દ્વારા જમીનની માંગણી કરાયેલી છે. વધુમાં, આ જ રીપોર્ટમાં દર્શાવ્યા પ્રમાણે પુનઃ સ્થાપીત થઇ શકે તેવા ચેરીયા વિસ્તારો જેવા કે ધોડડો ઢોરો, મોટી બેટી, નાની બેટી, કડયાવારી, ઘટીયા, વાલાર વિસ્તાર વગેરેનો સમાવેશ થાય છે. ( નકશા નંબર-૧ અને ૨ )


મોટા મીઠા ઉધોગો દ્વારા જમીનની
માંગણી કરાયેલ વિસ્તાર
પુન: સ્થાપીત થઇ શકે તેવા ચેરીયા વિસ્તારો
ગીચ ચેરીયાવાળા વિસ્તારો
Legend
Image © 2013 DigitalGlobe
નકશા નંબર-૧

## જંગી જૈવિક વિવિધતા વ્યવસ્થાપન સમિતિની પ્રાથમિક મિટીંગ



પ્રાથમિક માહિતી અને અન્ય દ્વિતિય માહિતીનો અભ્યાસ કરીને, અભ્યાસ વિસ્તારમાં આવેલા ઊંટ ઉછેરક સમુદાયો અને તેની સામાજિક માહિતિ નું એકત્રીકરણ કરવામાં આવ્યું. અભ્યાસ વિસ્તાર પર આધારિત માલધારીઓ ૫૩ અને એમની એકમાત્ર આજીવિકા પશુપુાલન ઊંટની સંખ્યા આશરે ૧૨૭૬ છે, જેમાંથી કુલ ૬૪૩ ખારાઇ ઊંટ છે (પરિશિષ્ટ ૧). જે સીધી રીતે અભ્યાસ વિસ્તારમાં આવેલા ચેરીયા (મેન્ગ્રુવ) જંગલો પર ૫ થી ૮ મહિના માટે ચરિયાણ માટે આધારિત છે.

જેથી કરીને મીઠા ઉદ્યોગોને ઉપરોકત ચેરીયાના જંગલોની ફાળવણી કરવામાં આવશે તો ભારત સરકાર અને ગુજરાત સરકાર દ્વારા જાહેર થયેલ દુર્લભ પ્રજાતિ કચ્છી અને ખારાઇ ઊંટ ઓલાદ તથા એવી જ દુર્લભ આજીવિકા ઊંટ ઉછેરક માલધારીયત આ વિસ્તારમાંથી નાશપ્રાય થઇ જશે.

## ૫.૨ માછીમાર સમુદાયો અને સંસાધનો

પ્રાથમિક માહિતી અને દ્વિતિય માહિતી એકઠી કરીને અભ્યાસ વિસ્તારના માછીમારોની નીચે મુજબની વિગતો એકઠી કરવામાં આવી.

| ક્રમ | ગામ | કંઇ ઋતુમાં માછીમારી કરે છે? | વિસ્તાર | કુટુંબની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧ | ચેરાવડી | બારેમાસ | હડકિયા ક્રિક. | ૧૨૦ |
| ૨ | સુરજબારી | બારેમાસ | હડકિયા ક્રિક. | ૧૩૦ |
| ૩ | વાંઢિયા | બારેમાસ | વાઢિયા, ટપાલવારી | ૮ |
| ૪ | જંગી | બારેમાસ | ટપાલ વારી, | ૩૫ |
| ૫ | આબલીયાર | બારેમાસ | હડકિયા ક્રિક | ૧૨ |
| ૬ | ભચાઉ | બારેમાસ | હડકિયા ક્રિક | ૨૫ |
| ૭ | ચિરઇ નાની | બારેમાસ | હડકિયા ક્રિક | ૨૦૦+ |
| ૮ | ખારી રોડ | બારેમાસ | હડકિયા ક્રિક | ૧૫૦+ |
| | | | કુલ | ૬૬૦+ |

આગળ ટેબલમાં બતાવ્યા મુજબ અભ્યાસ વિસ્તારમાં આશરે ૬૬૦થી વધારે માછીમારી કુટુંબોની આજીવિકા નિર્ભર છે. આ ઉપરાંત તેઓ દ્વારા દર્શાવ્યા મુજબ માછીમારીની મુખ્ય ઋતુઓ ઓકટોબર, નવેમ્બર અને ડીસેમ્બર છે. આ ગામો ઉપરાંત, ઉપરોકત વિસ્તારમાં ઝીંગા પકડવા માટે ત્રણ સિઝનમાં તુણા, વંડી, કાજડા, માળીયા, મોરબી અને હજીયાસર ગામના આશરે ૫૦૦ કુટુંબો માછીમારી કરવા આવે છે.

મદદનીશ આંકડા અધિકારી મત્સ્યવિભાગ ભુજના જણાવ્યા અનુસાર (૨૦૦૯-૧૦ પ્રમાણે) સુરજબારી વિસ્તારમાં આશરે ૨૬૮૬ મેટ્રીક ટન અને કંડલા વિસ્તારમાં આશરે ૩૬૧૨ મેટ્રીક ટન મત્સ્ય ઉત્પાદન થાય છે. આ વ્યવસાય સાથે જોડાયેલ કુંટુબોમાં સુરજબારીમાં ૨૦૯ અને કંડલામાં ૬૨૦ કુંટુબો આ વ્યવસાય સાથે જોડાયેલાં છે. જુદી-જુદી માછલીની જાતોમાં ટીટન, ઝીંગા, પલો, ઢાકરી વગેરે મળે છે. પ્રાથમિક સર્વેમાં એવું માલુમ પડયુ કે માછલીની એક જાતિ પલો વધુ પડતા મોટા મીઠા ઉધોગોને લીધે ખારાશમાં વધારો થતાં અતિ દુર્લભ થઇ ગઇ છે.

સૂરજબારી બાજુની દશ ક્રિક જેવી કે સામાણી ક્રીક, સાયચા ક્રીક, કાટીયા ક્રીક, મોવાર ક્રીક, માણેક ક્રીક, સમા ક્રીક, કાટીયા ક્રીક, ભટ્ટી-૧ અને ભટ્ટી-૨ તથા મુલ્લા ક્રીક મોટા મીઠા ઉધોગો દ્વારા બંધ થવાનું આવેદન લોક અધિકાર મંચ દ્વારા કલેકટરશ્રીને પણ આપવામાં આવ્યુ છે. જેથી કરીને આ વિસ્તારમાં માંગણી કરેલ અન્ય મોટા મીઠા ઉધોગોને પ્રોત્સાહિત કરતાં તે માત્ર સ્થાનિક માછીમારોને જ નહી, પરંતુ આસપાસના અન્ય તાલુકા અને જીલ્લાના માછીમારોને પણ આજીવિકા સંલગ્ન પુન: જીવંત ન થઇ શકે એવી મુશ્કેલીમાં ધકેલશે. જે કદાચ આ વિસ્તારના સમગ્ર ચેરીયા પરિસરતંત્રને ખોરવી નાખીને પર્યાવરણીય અસમતુલન ઉત્પન્ન કરશે.

## ૫.૩ નાના અગરીયાઓ

પ્રાથમિક અને દ્વિતિય  માહિતીના અહેવાલ મુજબ અભ્યાસ વિસ્તારમાં આશરે નીચે મુજબના સ્થાનિક પરંપરાગત નાના અગરિયાઓ દ્વારા ચેરીયા વિસ્તાર સિવાયના અન્ય બીજા બીન ઉપજાઉ કે ખારાશ વિસ્તારમાં જુદા-જુદા સમયે નાના મીઠાના કામ માટે માંગણી કરવામાં આવેલી છે. જે આશરે ૧ થી ૧.૫ કિ.મી. મુખ્ય ખાડી વિસ્તારથી દૂર હોઇ અને એરિયા પ્રમાણે પણ નાના હોઇ અન્ય સમુદાય કે સ્થાનિક ચેરીયા પરિસરતંત્રને નુકસાનકર્તા નીવડશે નહિ. આ અંગે જુદાજુદા સમયે થયેલ નાના અગરિયાઓ દ્વારા જુદા જુદા સમયે ચયેલ માંગણી નીચે મુજબ છે.

### નાના અગરીયાઓ દ્વારા થયેલ માંગણીઓ

| ક્રમ | નામ | ગામ | માંગણી જમીન (એકર) | સર્વે નંબર |
|---|---|---|---|---|
| ૧ | અરજણભાઇ ડોસાભાઇ | જંગી | ૧૦ | ૧૦૩૯-A |
| ૨ | સામરાભાઇ રવાભાઇ | જંગી | ૧૦ | ૧૦૩૯ |
| ૩ | ડોસાભાઇ રવાભાઇ | જંગી | ૧૦ | ૧૦૩૯ |
| ૪ | બાબુભાઇ સામરાભાઇ | જંગી | ૧૦ | ૧૦૩૯ |
| ૫ | દેસરાભાઇ સામરાભાઇ | જંગી | ૧૦ | ૧૦૩૯ |
| ૬ | જીવતીબેન વેલા કોલી | જંગી | ૨૧ | ૧૦૩૯ |
| ૭ | લાખાભાઇ મસુરીયા | જંગી | ૧૦ | ૧૦૩૯ |
| ૮ | લાલજીભાઇ મસુરારીયા | જંગી | ૧૦ | ૧૦૩૯ |
| ૯ | રમેશભાઇ લાખાભાઇ | જંગી | ૧૦ | ૧૦૩૯ |
| ૧૦ | વિઠ્ઠલભાઇ લાખાભાઇ | જંગી | ૧૦ | ૧૦૩૯ |
| ૧૧ | સુમેરસિહ સુખદેવસિહ જાડેજા | આબલીયારા | ૧૦ | |
| ૧૨ | જીવરાજસિહ સુખદેવસિહ જાડેજા | આબલીયારા | ૧૦ | |
| ૧૩ | પ્રવિણસિહ સુખદેવસિહ જાડેજા | આબલીયારા | ૧૦ | |
| ૧૪ | ગણેશા પીધા હરિજન | આબલીયારા | ૧૦ | |
| ૧૫ | માબણ ભલુ કોલી | આબલીયારા | ૧૦ | |
| ૧૬ | અણદા અરજણ હરિજન | આબલીયારા | ૧૦ | |
| ૧૭ | રામાભાઇ પુંજાભાઇ હરિજન | વાઢિયા | ૧૦ | |
| ૧૮ | હુશેન વલીમામદ ત્રાયા | વાઢિયા | ૧૦ | |
| ૧૯ | વલીમામદ ખાનમામદ ત્રાયા | વાઢિયા | ૧૦ | |
| ૨૦ | ગુલમામદ ખાનમામદ ત્રાયા | વાઢિયા | ૧૦ | |
| ૨૧ | ખાનમામદ ત્રાયા | વાઢિયા | ૧૦ | |
| ૨૨ | બબા મોહન કોલી | લાખાપર | ૧૦ | |
| ૨૩ | હ્યરિભાઇ છગનભાઇ કોલી | લાખાપર | ૧૦ | |
| ૨૪ | સવાભાઇ હોથીભાઇ કોલી | લાખાપર | ૧૦ | |
| ૨૫ | રામાભાઇ મોતીભાઇ કોલી | લાખાપર | ૧૦ | |

**આ ઉપરાંત હાજર રહેલ નાના અગરિયાઓ દ્વારા જણાવવામાં આવ્યું કે બીજા આશરે ૪૫-૫૦ કુટુંબોએ પણ આ માટે અરજીઓ કરેલી છે.*

આ ઉપરાત હાલમાં કાર્યરત મીઠા ઉદ્યોગ દ્વારા ઉપર જણાવ્યા મુજબ ઘણી ખરી મુખ્ય અને નાની ખાડી પણ બંધ કરી નાખતા, આ વિસ્તારની ખારાશમાં વધારો થતાં, માછલી ઉત્પાદનમાં નોંધપાત્ર ઘટાડો થયો છે.

## સંશોધનાત્મક ટિપ્પણીઓ

### ૬.૧ કુદરતી સંસોધનોની મોજણી અને નકશાઓ ઉપર સમજ

કુદરતી સંસોધનોની મોજણી કરતા અને ગુજરાત ઇકોલોજી કમિશન, ગાંધીનગરના અહેવાલમાં દર્શાવ્યા મુજબ આ વિસ્તાર ચેરીયાથી અતિ ફળદ્રુપ હોઇ મોટા મીઠા ઉદ્યોગોને પ્રોત્સાહિત ન કરવા જોઇએ. જુદા જુદા નકશાઓનુ એક સાથે પૃથ્થકરણ કરતાં જોઇ શકાય છે કે- હાડકિયા ખાડીનુ સુરજબારીથી નાના રણનું જોડાણ એક વિશિષ્ટ પ્રકારની આહાર શૃંખલાનું નિર્માણ કરે છે (નકશા નંબર-૨). જેથી કરીને આ વિસ્તારનો કોઇપણ પ્રકારનો ભૂ-ભૌગોલિક બદલાવ આ આહાર શૃંખલાને તોડી નાખશે. નાના અને સ્થાનિક મીઠા ઉદ્યોગને પ્રોત્સાહિત કરતા તેઓની આજીવિકા લાંબા ગાળાની અને ટકાઉ થશે સાથે-સાથે પર્યાવરણીય સંવેદનશીલ કંઇક લખાણ ખૂટે છે. ઉપરોકત મુસીબતોથી આ વિસ્તારના પરિસરતંત્ર અને સ્થાનિક આજીવિકાને મજબુત કરશે.

### ૬.૧ ભલામણો

ઉપરોકત સંકલિત ટિપ્પણીઓને ધ્યાનમાં રાખીને નીચે મુજબની અભ્યાસ વિસ્તારના કુદરતી સંસાધનોના વ્યવસ્થાપન માટ નીચે મુજબની ભલામણો કરવામાં આવે છે.

- જુદા-જુદા સરકારી વિભાગો જેવા કે મત્સ્યપાલન વિભાગ, પશુપાલન વિભાગ, મીઠા ઉદ્યોગ અને કલેકટરશ્રીને ઉપરોકત વિસ્તાર સંદર્ભે સંકલન કરીને કુદરતી સંસાધનોની સાચવણી અને સ્થાનિક આજીવિકાને ટકાઉ કરવા માટે માગણી કરેલી મીઠા ઉદ્યોગોની માગણીને પ્રોત્સાહિત ન કરવાની ભલામણ કરવામાં આવે છે.
- નકશા નંબર-૨ માં દર્શાવેલાં ચેરીયા પુનઃજીવિત થઇ શકે તેવા વિસ્તારોનું સર્વેક્ષણ કરીને લોકભાગીદારી દ્વારા જુદા જુદા સ્તરે ચેરીયા પુનઃ સ્થાપન કરવાની યોજના કાર્યરત કરતા ઉપરોકત તમામ સમુદાયોની આજીવિકાને વધુ મજબૂત કરશે.
- જીલ્લા કલેકટરશ્રીના વડપણ હેઠળ માગણી કરેલ મીઠા ઉદ્યોગોની જમીનના સ્થાનિક લોકોની મદદ દ્વારા ઊંડાણથી સર્વે થઇને અન્ય હકીકત જેવીકે ચેરીયાની મોજણી, સ્થાનિક સમુદાયોની આજીવિકા, પરિસરતંત્રની વૈજ્ઞાનિક સમજ વગેરેની સચોટ માહિતીથી વાકેફ કરવા જોઇએ.




નકશા નંબર-૨
WANDI RIVER
BHADRODI RIVER
FALKU RIVER
CHANG RIVER
WANKY RIVER
ADHOI RIVER
WASTHAWA RIVER
CHIRAI RIVER
Kadol
Kharoi
May
Ner
Bandhadi
Baniari
Morgar
Kabrau
Amardi
Kumbhardi
Sikara
Bhujpar
BHACHAU
Sukhpar
Lunva
Chopadva
Chirai Nani
Kanthkot
Jadsa
Toraniya
Vamka
Samdaur
Halra
Pasa
Adhoi (Pasakayara)
Shivlakha
Lakhpat
Gharana
Vijpasar
Vondh
Chhadavada
Amaliyara
Chandrodi
Katariya Nava
Shikarpur
Vandhiya
Jangi
Modpar
Godpar
Lakhapar
Khodasar
GULF OF KACH
નાના અગરિયાઓ દ્વારા જમીનની માંગણી કરાયેલ વિસ્તાર
મોટા મીઠા ઉદ્યોગો દ્વારા જમીનની માંગણી કરાયેલ વિસ્તાર

## પરિશિષ્ટ-૧ : અભ્યાસ વિસ્તાર ઉપર આજીવિકા માટે આધારિત ઊંટ ઉછેરક માલધારીઓની માહિતી

| અનુ.નં. | માલધારી નુ નામ | ગામ | ખારાઇ ઊંટ | કચ્છી ઊંટ |
|---|---|---|---|---|
| ૧ | રબારી ભીખાભાઇ વાઘાભાઇ | જંગી | ૧૦૦ | ૦ |
| ૨ | રબારી ગોવાભાઇ ભીખાભાઇ | જંગી | ૩૦ | ૦ |
| ૩ | રબારી માનાભાઇ વજુભાઇ | જંગી | ૧૦ | ૦ |
| ૪ | રબારી વીભાભાઇ સાંગાભાઇ | જંગી | ૧૭ | ૦ |
| ૫ | રબારી પબા હીરા | જંગી | ૧૫ | ૦ |
| ૬ | રબારી દેવાભૂરા | જંગી | ૨૦ | ૦ |
| ૭ | રબારી વીભા વઘુ | જંગી | ૭ | ૦ |
| ૮ | રબારી જીવા વઘુ | જંગી | ૫ | ૦ |
| ૯ | રબારી બઘા ભાલા | જંગી | ૧૨ | ૦ |
| ૧૦ | રબારી પબા ભાલા | જંગી | ૩ | ૦ |
| ૧૧ | રબારી ડાહ્યા ભલા | જંગી | ૧૨ | ૦ |
| ૧૨ | રબારી વઘુ વનદા | જંગી | ૧૦ | ૦ |
| ૧૩ | રબારી લાલા ભૂરા | જંગી | ૧૭ | ૦ |
| ૧૪ | રબારી સાજન ખોનાભાઇ | જંગી | ૬ | ૦ |
| ૧૫ | રબારી સીડા વજુભાઇ | જંગી | ૨૦ | ૦ |
| ૧૬ | રબારી ઘના વઘુ | જંગી | ૧૦ | ૦ |
| ૧૭ | રબારી બઘા ભરા | જંગી | ૧૫ | ૦ |
| ૧૮ | રબારી સરતન વરજંગ | જંગી | ૧૦ | ૦ |
| ૧૯ | રબારી રુપાભાઇ ગોવાભાઇ | જંગી | ૧૭ | ૦ |
| ૨૦ | રબારી ગોવાભાઇ ગણેશ | જંગી | ૧૮ | ૦ |
| ૨૧ | રબારી ખીમાભાઇ છોટાભાઇ | જંગી | ૧૦ | ૦ |
| ૨૨ | રબારી હરભમ ગણેશ | જંગી | ૧૭ | ૦ |
| ૨૩ | રબારી નારણ વરજંગ | જંગી | ૯ | ૦ |
| ૨૪ | રબારી રુપા વરજંગ | જંગી | ૨૦ | ૦ |
| ૨૫ | રબારી રામજી ભીખા | જંગી | ૨૫ | ૦ |
| ૨૬ | રબારી મેપા વઘુ | જંગી | ૨ | ૦ |
| ૨૭ | રબારી ખોના વરજંગ | જંગી | ૪ | ૦ |

| | | | | |
|---|---|---|---|---|
| ૨૮ | રબારી વીહા મેપા | જંગી | ૨૦ | ૦ |
| ૨૯ | રબારી સોમા દેસા | જંગી | ૩ | ૦ |
| ૩૦ | રબારી ભુરા હાજા | જંગી | ૧૦ | ૦ |
| ૩૧ | રબારી ભીમા ભૂરા | જંગી | ૧૦ | ૦ |
| ૩૨ | જત ઉમર અબ્દ્રેમાન | જંગી | ૫૬ | ૦ |
| ૩૩ | જત આદમ અબ્દ્રેમાન | જંગી | ૫૦ | ૦ |
| ૩૪ | જત મામદ મોભીન | જંગી | ૧૮ | ૦ |
| ૩૫ | જત અલી આમદ | જંગી | ૩૫ | ૦ |
| ૩૬ | બચુ અબા રબારી | ચોબારી | ૦ | ૫૦ |
| ૩૭ | ગોવા હીરા રબારી | ચોબારી | ૦ | ૧૫ |
| ૩૮ | હેમા કટાણ રબારી | ચોબારી | ૦ | ૨૦ |
| ૩૯ | મહાદેવ ભગુ રબારી | ચોબારી | ૦ | ૧૫ |
| ૪૦ | દૈયા રામા રબારી | ચોબારી | ૦ | ૩૦ |
| ૪૧ | જાનમામદ નમરા | કનખોઇ | ૦ | ૭ |
| ૪૨ | ભગુ નારણ રબારી | માચ | ૦ | ૭ |
| ૪૩ | વીસા નારણ રબારી | માચ | ૦ | ૨ |
| ૪૪ | દેસર વાલા | વીજપાસર | ૦ | ૩૫ |
| ૪૫ | મેરુ અલી જત | વાંઢ | ૦ | ૭૦ |
| ૪૬ | મુસા અલી જત | વાંઢ | ૦ | ૪૦ |
| ૪૭ | અલઉ મોભીન જત | વાંઢ | ૦ | ૪૦ |
| ૪૮ | સવન ઇસ્માઇલ જત | વાંઢ | ૦ | ૬૦ |
| ૪૯ | રામા રબારી | કનકોટ | ૦ | ૫૦ |
| ૫૦ | કરમી અલી (નવા) | વોંધ | ૦ | ૫ |
| ૫૧ | પબા નારણ | વોંધ | ૦ | ૧૭ |
| ૫૨ | હમીર બચુ જત | વોંધ | ૦ | ૧૦૦ |
| ૫૩ | મખન મોબીન જત | વોંધ | ૦ | ૧૦ |
| | કુલ | | ૬૪૩ | ૫૭૩ |
| | | | ૧૨૧૬ | |

## પરિશિષ્ટ-૨



કચ્છ ઊંટ ઉછેરક માલધારી સંગઠન

Kachchh Camel Breeders' Association

## પરિશિષ્ટ-૩



sahjeevan

## સંદર્ભસૂચિ


- જી.ઈ.સી. ( વર્ષ : ૨૦૦૮-૦૯-૧૦ )
  મેન્યુવ એટલાસ ઓફ ગુજરાત સ્ટેટ. ગુજરાત ઇકોલોજી કમિશન, ગાંધીનગર ( ગુજરાત સરકાર ). પેજ નંબર-૭૩
- સહજીવન. ( વર્ષ : ૨૦૧૦-૧૧ )
  મોબીલાઈઝ કચ્છી કેમલ બ્રીડર્સ ટુવર્ડસ ઓગેનાઇઝીંગ સ્ટ્રચ્ચર ઇન કચ્છ ડીસ્ટ્રીકટ. રીપોર્ટ સબમીટેડ...ડીપાર્ટમેન્ટ ઓફ એનીમલ હસબન્ડરી, ગાંધીનગર ( ગુજરાત સરકાર ). પેજ નંબર-૨૨.
- પટેલ જતીન, ઉમેશ મહેતા અને સબ્યસાચી દાસ ( વર્ષ: ૨૦૧૧ )
- કચ્છી અને ખારાઇ કેમલ: પ્રેઝન્ટ સ્ટેટસ, ચેલેન્જીસ એન્ડ ફ્યુચર પ્રોસ્પેક્ટ. સ્વર્ણીમ ગુજરાત કેમલ સેમીનાર. સોવીનીયર, ડીપાર્ટમેન્ટ ઓફ એનીમલ હસબન્ડરી, ગાંધીનગર ( ગુજરાત સરકાર ). પેજ નંબર-૧૭-૨૩.
- સહજીવન. ( વર્ષ: ૨૦૧૨ )
  ખારાઇ કેમલ: એમેઝીન કેમલ બ્રીડ ઓફ કચ્છ. સહજીવન, ડીપાર્ટમેન્ટ ઓફ એનીમલ હસબન્ડરી, ગાંધીનગર ( ગુજરાત સરકાર ) અને કચ્છ ઊંટ ઉછેરક માલધારી સંગઠન, કચ્છ.